Please check the examination details below before entering your candidate information

| Candidate surname | Other names |
|---|---|
| | |

**Pearson Edexcel**
**Level 1/Level 2 GCSE (9–1)**

Centre Number

Candidate Number

# Wednesday 13 May 2020

Afternoon (Time: 1 hour 5 minutes) | Paper Reference **1GU0/3H**

# Gujarati

## Paper 3: Reading and understanding in Gujarati

**Higher Tier**

**You do not need any other materials.**

Total Marks

## Instructions

- Use **black** ink or ball-point pen.
- **Fill in the boxes** at the top of this page with your name, centre number and candidate number.
- Answer **all** questions in sections A, B and C.
- Questions in Section A and C are set in English.
- Questions in Section B are set in Gujarati.
- Answer the questions in the spaces provided – *there may be more space than you need.*
- You must **not** use a dictionary.

## Information

- The total mark for this paper is 50.
- The marks for **each** question are shown in brackets
  – *use this as a guide as to how much time to spend on each question*
  – *you should spend approximately 10 minutes on the translation question.*

## Advice

- Read each question carefully before you start to answer it.
- Try to answer every question.
- Check your answers if you have time at the end.

*Turn over* ▶

P63808A
©2020 Pearson Education Ltd.
1/1/1/1/1/

P 6 3 8 0 8 A 0 1 2 0

Pearson

**Answer ALL questions. Write your answers in the spaces provided.**

**Some questions must be answered with a cross in a box ☒. If you change your mind about an answer, put a line through the box ☒ and then mark your new answer with a cross ☒.**

## SECTION A

### The internet

1 Read an article about the use of the internet.

વિજ્ઞાનની એક કમાલની શોધ છે ઇન્ટરનેટ, જે કંપ્યૂટર પર એક બટન દબાવતાં જ કોઈ પણ માહિતી પૂરી પાડવા માટે હાજર થઈ જાય છે. બે વિદ્યાર્થીઓએ એક પ્રશ્નપત્રમાં જણાવ્યું હતું કે તેઓ ઇન્ટરનેટનો ઉપયોગ કેવી રીતે કરે છે:

રોહન: મારું જીવન ઇન્ટરનેટ પર નભે છે. મને ખબર નથી કે હું તેના વગર મારી શાળાના પ્રોજેક્ટનું અને ભૂગોળનું ઘરકામ કેવી રીતે કરીશ.

રાજૂલ: હું મારા મિત્રો સાથે સંપર્ક વહેવાર સોશિઅલ મિડીયા અને ઈ-મેઈલ મારફત કરું છું. હું ઇન્ટરનેટ પર ખરીદી કરવાનું પસંદ કરતી નથી કારણ કે વાસ્તવમાં આપણે ચિત્રોમાંથી અસલ વસ્તુઓ જોઈ શકતાં નથી.

Answer the following questions **in English**. You need not write in full sentences.

(a) What is the writer's view about the benefit of the internet?

**(1)**

..............................................................................................................................................

(b) What would Rohan find difficult to do without the internet? Give **one** detail.

**(1)**

..............................................................................................................................................

(c) What makes internet shopping less appealing to Rajul?

**(1)**

..............................................................................................................................................

**Total for Question 1 = 3 marks)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**Naari Sewa Group trip to Gujarat**

**2** Read the extract about Naari Sewa Group's visit to Gujarat.

નારી સેવા એ આઠ સખીઓનું જૂથ છે જે પરદેશમાં વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓને સહાય કરે છે. અમારું ધ્યેય છે બાળકોને આનંદાયક રીતે શીખવાડવું કે તંદુરસ્ત જીવન કેવી રીતે જીવાય.

આ વર્ષે અમે બે જણા ભૂજમાં બાળકોના એક અનાથાશ્રમમાં ગયાં હતાં. લીનાએ સંગીત અને રમતોનો ઉપયોગ કરીને તેમને અંગ્રેજી ભાષા કૌશલ્ય શીખવાડ્યું. દીપા પાસેથી તેઓ હાથ ધોવાની અને દાંત સાફ કરવાની સામાન્ય રીતો શીખ્યા.

યુકેના દાન આપનારા તરફથી મળેલ પૈસામાંથી અમે સઘળાં બાળકોને પુસ્તકો, કલમ અને દફતર જેવી શિક્ષણની સાધનસામગ્રી અપાવી. બાળકો તો એટલાં ખુશ થયાં કે અમને પગે લાગ્યાં.

ગુજરાત જઈ આવ્યા પછી અમે ખૂબ સરસ ગુજરાતી બોલી શકીએ છીએ.

Answer the following questions **in English**. You do not need to write in full sentences.

(a) What is the aim of the Naari Sewa Group?

**(1)**

..............................................................................................................................................

(b) What skills did Lina teach the children?

**(1)**

..............................................................................................................................................

(c) Why were the children happy?

**(1)**

..............................................................................................................................................

(d) How did the group members benefit from this trip?

**(1)**

..............................................................................................................................................

**(Total for Question 2 = 4 marks)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

## Education in India and Britain

**3** Read this article about education in India and Britain.

ગુજરાતની વધતી જતી વસ્તીને કારણે કેટલાંક મોટા શહેરોમાં ઘણી નિશાળો દિવસમાં બે વાર ચાલે છે. દરેક વર્ગમાં ચાળીસથી વધુ બાળકો ભણતાં હોય છે અને મોટેભાગે તેઓ જે શીખે તેની ગોખણપટ્ટી કરવાની હોય છે.

બ્રિટનના વર્ગોમાં અલ્પ સંખ્યામાં બાળકો હોય છે અને તેમનું જ્ઞાન વધારવાની સાથે પોતાની જવાબદારી લઈને સ્વતંત્ર રીતે વિચાર કરવાનું પણ શીખવે છે.

ઘણા શિક્ષકોના મંતવ્ય પ્રમાણે, કોઈના પણ ઉજ્જવળ ભવિષ્ય માટે શિક્ષણની બન્ને રીતોનો ઉપયોગ કરી શાળાઓમાં શીખવવું જરૂરી છે.

ગુજરાતમાં તથા બ્રિટનમાં શિક્ષણ ફરજિયાત છે જેથી તમામ વિદ્યાર્થીઓને ભણવાની એકસમાન તક મળે. બાળકો કાર્યો અને પ્રવૃત્તિઓ પર ધ્યાન આપે એ કારણે શિસ્તને ખૂબ અગત્યતા આપવામાં આવે છે.

Answer the following questions **in English**. You do not need to write in full sentences.

(a) Why do some urban schools in India operate at two different times daily?

**(1)**

..............................................................................................................................................

(b) How would taking responsibility for their own learning benefit the children?

**(1)**

..............................................................................................................................................

(c) What should schools do to assist students to excel?

**(1)**

..............................................................................................................................................

(d) Why is education compulsory in India and Britain?

**(1)**

..............................................................................................................................................

(e) What would help children to stay focussed in their learning?

**(1)**

..............................................................................................................................................

**(Total for Question 3 = 5 marks)**



P 6 3 8 0 8 A 0 4 2 0

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

**BLANK PAGE**
**QUESTION 4 BEGINS ON THE NEXT PAGE**

## Celebrating success

**4** Read the extract about celebrating success.

હું વ્યાયામના વર્ગમાં હતો ત્યારે મારા શિક્ષકના કહેવાથી મારે 'સોફ્ટ બોલ'ની રમત રમવા માટે ન છૂટકે મેદાનમાં બહાર જવું પડ્યું. ધ્રૂજતા ધ્રૂજતા હું ત્યાં પહોંચ્યો.

બીજા ખેલાડીઓએ એક હાથમોજું આપ્યું અને મને મેદાનમાં દૂર મોકલી દીધો. પહેલાં તો હું મારા વિચારોમાં ખોવાઈ ગયો હતો પરંતુ, તેવામાં જોરદાર પવન સાથે ઉડતા દડાને મારા તરફ આવતો જોઈને મેં ઊંચો કૂદકો માર્યો અને દડો મારા હાથમાં પકડાઈ ગયો. આમ મારી ટુકડીને જીતવામાં મદદ કરવાથી હું સૌનો માનીતો બની ગયો અને મેં મારા ડર પર જીત પણ મેળવી.

બીજે દિવસે મુખ્ય શિક્ષકે શાળાની સભામાં મારા ખૂબ વખાણ કર્યાં અને શાળાની ટુકડીમાં મારી પસંદગી કરવામાં આવી. ઉનાળાની રજાઓમાં ગુજરાતના જિલ્લાઓની બીજી શાળાઓ સાથે અમે સોફ્ટ બોલની રમત રમીશું. જો એમાં સફળતા મળશે તો હું રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તર પર રમી શકીશ.

મારા ડર પર વિજય મેળવવાથી મને મારી કારકિર્દી પસંદ કરવાની તક મળી.

Put a cross ☒ in the correct box.

**Example:** Vivek's teacher came to talk to him in the…

| | |
|---|---|
| ☐ | **A** playground. |
| ☐ | **B** laboratory. |
| ☒ | **C** gymnasium. |
| ☐ | **D** library. |

(i) When Vivek reached the play-ground he was…

| | |
|---|---|
| ☐ | **A** frightened. |
| ☐ | **B** excited. |
| ☐ | **C** puzzled. |
| ☐ | **D** happy. |



P 6 3 8 0 8 A 0 6 2 0

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

(ii) To play the game of soft ball, Vivek had to wear a…

| | |
|---|---|
| ☒ | **A** shin pad. |
| ☒ | **B** glove. |
| ☒ | **C** helmet. |
| ☒ | **D** uniform. |

(iii) Vivek was rewarded by the headteacher at the school…

| | |
|---|---|
| ☒ | **A** outing. |
| ☒ | **B** ceremony. |
| ☒ | **C** event. |
| ☒ | **D** assembly. |

(iv) Vivek was selected to play in the month of…

| | |
|---|---|
| ☒ | **A** May. |
| ☒ | **B** December. |
| ☒ | **C** April. |
| ☒ | **D** October. |

(v) Vivek's success will enable him to choose his career in…

| | |
|---|---|
| ☒ | **A** medicine. |
| ☒ | **B** art. |
| ☒ | **C** sports. |
| ☒ | **D** technology. |

**(Total for Question 4 = 5 marks)**

**The importance of time to fulfil your goals**

**5** Read this extract from an online magazine article, where young people talk about the value of time.

**તમારાં ધ્યેયોને પૂરાં કરવા માટે સમયની અગત્યતા**

**ચેતન:** સમય દરિયાનાં મોજાં જેવો છે, આવે છે અને જાય છે. સમયની કોઈ સીમા નથી. વિતાવેલો સમય પાછો મળતો નથી. નાણાં કરતાં સમયની કિમંત અધિક છે. પૈસા કમાઈ શકીએ પણ ખોવાયેલો સમય કમાઈ શકતા નથી. સમય જ આપણને દોલત કમાવવાની અને જીવનમાં ચડિયાતા થવાની સોનેરી તકો આપે છે તેથી સમયનો ધ્યાનપૂર્વક ઉપયોગ કરવો જોઈએ.

**આઈશા:** આપણા અભ્યાસમાં ફતેહમંદ થવા માટે સમયનું નિયમન ખૂબ જ જરૂરી છે. નિશાળમાં સમયસર અભ્યાસ ન કરવાથી પરીક્ષામાં અસફળ થઈ શકીએ. મુલાકાતોમાં સમય પર પહોંચવાથી બીજાઓનો સમય બગડે નહિ એ ખ્યાલમાં રાખવું જરૂરી છે.

**પ્રિયા:** જેઓને સમયનું મૂલ્ય ખબર નથી તેઓ સમય વેડફે છે અથવા કશું જ નથી કરતાં. પ્રત્યેક પાસે દિવસમાં ચોવીસ કલાક હોય છે અને જો તે સમયનો સારા કર્મો કરવામાં, બીજાને મદદ કરવામાં, તાલીમ લેવામાં, આગળ ભણવામાં, દેશાંતર કરવામાં અને નવું શીખવામાં ઉપયોગ થાય તો તેઓ તેમની મહત્ત્વાકાંક્ષા પૂરી કરી શકશે!

**આનંદ:** સમય જ સૌથી ઉત્તમ ઔષધિ છે. આપણે જો કોઈને દુ:ખ પહોંચાડ્યું હોય કે કાંઈ ખોટું કર્યું હોય તો ક્ષમા માંગીને દુ:ખ મટાડવાની દવા પણ સમય જ છે.

What do they say? **Chetan**, **Aisha**, **Priya** or **Anand**.

You can use each person more than once.

**Example**: ........ *Chetan* ........ compares time with the waves of the ocean.

(a) ................................ regards time as being a healer for broken relationships. **(1)**

(b) ................................ believes that time does not wait for anyone. **(1)**

(c) ................................ says that studying on time helps to progress in school. **(1)**

(d) ................................ believes that dreams cannot be fulfilled by wasting time. **(1)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA



P 6 3 8 0 8 A 0 8 2 0

Answer the following questions **in English**.

(e) What important message does Chetan convey about spending time?

**(1)**

..............................................................................................................................................

(f) According to Aisha why is punctuality very important?

**(1)**

..............................................................................................................................................

**(Total for Question 5 = 6 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## An international Indian dance event

**6** Read Aman's article in a local newspaper about an international Indian dance event.

અમારા સ્થાનિક સમાજ કેન્દ્રની યુવા ક્લબ તરફથી બાળકોની કેન્સરની ઇસ્પિતાલ માટે ફાળો એકત્રિત કરવા કેન્દ્રના મેદાનમાં એક ભવ્ય ભારતીય નૃત્યનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. દુનિયાભરના યુવા નૃત્યકારો ખૂબ જ ઉત્સાહથી ભાગ લેવા પધાર્યાં હતાં.

ક્લબના સભ્યોએ આ કાર્યક્રમ માટે સજાવટથી માંડીને સંગીતની વ્યવસ્થા, ટિકિટોનું વેચાણ, ઇનામોની ખરીદી, ખાનપાનની વ્યવસ્થા તથા નિર્ણાયકોની પસંદગી કરવા સુધીની જોરદાર તૈયારી કરી હતી. મેદાન પર બે વિશાળ તંબુઓ બાંધવામાં આવ્યા હતા.

કાર્યક્રમની સાંજે તંબુઓમાં ઝબકતી બત્તીઓના શણગારથી વાતાવરણ ખરેખર મનમોહક લાગતું હતું. સરગમ જૂથના સંગીતકારોએ મોટી સંખ્યામાં હાજર રહેલા પરદેશી તથા સ્થાનિક લોકોને એક નવો અનુભવ આપ્યો. શરૂઆત એક પ્રાર્થનાથી થઈ. તબલાં તથા ઢોલના તાલ સાથે મનોહર પોશાકમાં યુવક-યુવતીઓના ભરતનાટ્યમ, કથક, ભાંગડા, રાસ અને ગરબાના નૃત્યોની રજૂઆત દિગ્મૂઢ કરી દે એવી હતી! અમારી ક્લબના યુવાનોને રાસ માટે પહેલું ઇનામ જીતવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

બીજા તંબુમાં નાસ્તાપાણીનો ખૂબ સરસ પ્રબંધ કરવામાં આવ્યો હતો. ફરી ઉપયોગ થાય એવી થાળીમાં પહેલેથી પીરસવામાં આવેલ દાબેલી, ભેળપૂરી અને સમોસાનો સ્વાદ તો મોઢામાં રહી જાય એવો હતો. પરદેશના કેટલાય યુવાનો સાથે દોસ્તી કરવાની તક મળી.

સૌથી ખુશીની વાત તો એ હતી કે ધાર્યા કરતાં વધારે ભંડોળ ભેગું કરવામાં આવેલ હોવાથી કેટલાંય બાળકોની જિંદગી બચી જશે.

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(i) What does this information sheet tell us?

Put a cross ☒ next to the **three** correct sentences.

**(3)**

| | | |
|---|---|---|
| **Example** | An international dance event was organised. | ☒ |
| **A** | People from all over the world participated in the event. | ☒ |
| **B** | The event was held in the community centre hall. | ☒ |
| **C** | School children made the arrangements for the event. | ☒ |
| **D** | The dances were performed with live music. | ☒ |
| **E** | Youth club members did not participate in the dances. | ☒ |
| **F** | Snacks were served in non-disposable plates. | ☒ |
| **G** | There was an opportunity to build new acquaintances. | ☒ |

Answer the following questions in English.

(ii) What was the performance of the dancers like?

**(1)**

.......................................................................................................................................................

(iii) According to Aman, what was the best outcome? Give **one** detail.

**(1)**

.......................................................................................................................................................

**(Total for Question 6 = 5 marks)**

**TOTAL FOR SECTION A = 28 MARKS**

## SECTION B

### મુંબઈમાં ખરીદી

**7** મુંબઈમાં ખરીદીના અનુભવ વિશે રેણુનો લેખ વાંચો.

મારી મોટી બહેનના વિવાહ માટે ઘરેણાં ખરીદવા અમે મુંબઈની ઝવેરી બજારમાં ગયાં હતાં. અરે શું વાત કરું! ભારતના દુકાનદારો જેવી આવડત વિશ્વભરમાં ક્યાંય જોવા નથી મળતી.

અમે દુકાનમાં પ્રવેશ કર્યો કે તેઓએ પ્રેમથી અમારું સ્વાગત કર્યું અને મખમલની આરામખુરશી પર બેસાડ્યાં. આપણા પહેરવેશ પરથી તેઓ પારખી લે કે આપણે દેશી નથી. ચા, કોફી, ઠંડા પીણાં અને ગરમાગરમ સમોસાં, ઢોકળાંથી અમારી આગતાસ્વાગતા કરવામાં આવી.

જ્યાં સુધી અમે કંઈ પસંદ ન કર્યું અને પેટ ભરીને ખાધું પીધું નહીં ત્યાં સુધી આમ ચાલ્યા કર્યું. હું તો પ્રાચીન ઝવેરાત જોઈને આશ્ચર્યચકિત થઈ હતી. આ અનુભવ જિંદગીભર ભૂલાશે નહિ.

સાચાં ખાનામાં ☒ કરો.

**ઉદાહરણ:** રેણુ … ખરીદવા મુંબઈ ગઈ હતી.

| | |
|---|---|
| ☐ | **A** જોડા |
| ☒ | **B** દાગીના |
| ☐ | **C** કપડાં |
| ☐ | **D** થેલા |

(i) મુંબઈના ઝવેરીઓ તેમની … માટે જાણીતા છે.

| | |
|---|---|
| ☐ | **A** કંજૂસાઈ |
| ☐ | **B** વેપારશક્તિ |
| ☐ | **C** આળસ |
| ☐ | **D** સાવચેતી |

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA



P 6 3 8 0 8 A 0 1 2 2 0

(ii) રેણુ અને તેની બહેનને ... પીરસવામાં આવ્યાં હતાં.

| | |
|---|---|
| ☒ | **A** પીણાં અને બિસ્કિટ |
| ☒ | **B** પીણાં અને મીઠાઈ |
| ☒ | **C** પીણાં અને ફરસાણ |
| ☒ | **D** પીણાં અને ફળો |

(iii) વિદેશીઓના ... પરથી દુકાનદારો તેઓને ઓળખી લે છે.

| | |
|---|---|
| ☒ | **A** દેખાવ |
| ☒ | **B** બોલવા |
| ☒ | **C** વર્તન |
| ☒ | **D** ચલણ |

(iv) દુકાનદારની મહેમાનગતિ ... પૂરી થઈ ત્યાં સુધી ચાલુ રહી.

| | |
|---|---|
| ☒ | **A** ઉજવણી |
| ☒ | **B** વાતચીત |
| ☒ | **C** દલીલ |
| ☒ | **D** ખરીદી |

(v) રેણુનો ખરીદી કરવાનો અનુભવ ... હતો.

| | |
|---|---|
| ☒ | **A** યાદગાર |
| ☒ | **B** મુશ્કેલ |
| ☒ | **C** કંટાળાજનક |
| ☒ | **D** વિનોદી |

**(Total for Question 7 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## ગુજરાતના રસપ્રદ શહેરો

**8** તમે પ્રવાસકચેરીમાં ગુજરાતના રસપ્રદ શહેરો વિશે એક પોસ્ટર વાંચો છો.

| | |
|---|---|
| **અમદાવાદ** | સાબરમતી નદી પર આવેલ ગુજરાતનું પહેલું પાટનગર અને મોટામાં મોટું ઔદ્યોગિક શહેર. આવો પતંગ ઉત્સવ દિવાળી અને નવરાત્રી મનાવવા તથા આંતરરાષ્ટ્રીય આનંદમેળામાં મોજ કરવા. |
| **મહેસાણા** | મહેસાણાની સીમની હરિયાળીમાં આવેલાં છે નિમ્બા અને શંકુસ, બે ઉપચારક કેન્દ્રો. તેઓનો હેતુ છે, યોગ, માલિશ, અને બીજી દવા વગરની કુદરતી સારવારથી તમને માંદગીથી દૂર રાખવા અને ખેતરમાં વાવેલાં તાજાં શાકભાજીથી બનાવેલી વાનગીઓ પીરસવી. |
| **રાજકોટ** | પશ્ચિમ ગુજરાતમાં આવેલું વ્યાપાર માટેનું અને જોવાલાયક મહત્ત્વનું શહેર. ખાણાંના રસિકો માટે છે રાજકોટ. કોટેચા ચોકની ચીકી, પેંડા, ફાફડા, ગાંઠિયા અને કાઠિયાવાડી થાળી તો શું પ્રખ્યાત છે! |
| **પોરબંદર** | લાંબા સોનેરી રેતીના સમુદ્ર કાંઠાવાળું મહાત્મા ગાંધીજીનું જન્મસ્થળ. પોરબંદર ભારતનું ગર્વ છે. આવો અને જૂનાં મંદિરો, કિલ્લાઓ, મહેલો, સંગ્રહસ્થાનો અને બંદર જોવાનો આનંદ માણો. |

તમે ક્યાં જવાનું પસંદ કરશો? **અમદાવાદ**, **મહેસાણા**, **રાજકોટ** અથવા **પોરબંદર**. તમે એકથી વધારે વાર શબ્દોનો ઉપયોગ કરી શકો છો.

**ઉદાહરણ:** મકરસંક્રાતિનો આનંદ લેવા ..........**અમદાવાદ**.......... જવું જોઈએ.

(a) સ્વાસ્થ્યની સંભાળ રાખવા માટે .............................. જવું જોઈએ. **(1)**

(b) ઇતિહાસના રસિકોએ .............................. જવું જોઈએ. **(1)**

(c) અલગઅલગ ઉપાહારગૃહોની મુલાકાત લેવા .............................. જવું જોઈએ. **(1)**

(d) ગુજરાતના વિવિધ પર્વોનો અનુભવ કરવા .............................. જવું જોઈએ. **(1)**

(e) રાષ્ટ્રપિતાની જન્મભૂમિની મુલાકાત લેવા .............................. જવું જોઈએ. **(1)**

**(Total for Question 8 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**BLANK PAGE**
**QUESTION 9 BEGINS ON THE NEXT PAGE**



P 6 3 8 0 8 A 0 1 5 2 0

'સ્વચ્છ ભારત અભિયાન'

**9** નીચેનું વેબ પેજ વાંચો.

'સ્વચ્છ ભારત અભિયાન' ભારત સરકાર તરફથી ચલાવવામાં આવેલ એક ઝુંબેશ છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનુ સપનું પૂરું કરવા તેમની જન્મજયંતિના દિવસે તેની શરૂઆત કરવામાં આવી હતી. આ ઝુંબેશનું લક્ષ્ય છે લોકોને જાગૃત કરવા જેથી સ્વચ્છતા વિશે તેઓની ટેવોમાં પરિવર્તન લાવી શકાય.

સુરતના ઘણાં વિસ્તારોમાં જૂની કચરાપેટીઓ અઢળક કચરાથી ઊભરાઈ જતી દેખાતી અને કચરો ચારેકોર ફેલાવાથી રોગો ફાટી નીકળતા. તાજેતરમાં સુરતની નગરપાલિકા તરફથી પગદંડીઓ ઉપર જમીનની નીચે આકર્ષક 'સ્માર્ટ' કચરાપેટીઓ મૂકવાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંપરાગત કચરાપેટી કરતાં તેઓ ઘણી અલગ છે. તેમાંથી પ્રવાહી કચરો જ્યાં ત્યાં ફેલાતો નથી તેથી દુર્ગંધ પણ પ્રસરતી નથી.

આ કચરાપેટીમાં દોઢ ટન જેટલો કચરો સમાય છે અને આધુનિક ટેકનોલોજીથી તેમાં એવું સાધન મૂકવામાં આવ્યું છે કે સીત્તેર ટકા કચરાપેટી ભરાતાં જ નગરપાલિકાના કાર્યાલયમાં સૂચના પહોંચે છે. ત્યાર બાદ કચરો ભેગો કરીને નિર્ધારિત સ્થાને તેનો નિકાલ કરવામાં આવે છે. શહેરીજનો સુરત શહેરને એકદમ ચોખ્ખું તથા રળિયામણું બનાવવામાં પૂરેપૂરો સાથ આપી રહ્યાં છે.

સરકાર આશા રાખે છે કે ભારતદેશનાં દરેક શહેર અને ગામડાંનાં બાળકો પણ સમજે કે સ્વચ્છતાનો આરંભ તેઓનાં ઘરેથી, નિશાળેથી અને સ્થાનિક વિસ્તારમાંથી થાય છે. હાલમાં, ભારતમાં ચોખ્ખાઈ વિશેની ઘણી યોજનાઓ ચાલે છે જેમાં અદલાબદલીનાં વિદ્યાર્થીઓ પણ ભાગ લઈ શકશે.

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

નીચેના સવાલોના જવાબ **ગુજરાતીમાં** લખો. આખા વાક્યમાં જવાબ લખવાની જરૂર નથી.

(a) ગાંધી બાપુનું સ્વપ્ન પૂરું કરવા સિવાય ‘સ્વચ્છ ભારત અભિયાન’ શરૂ કરવાનું કારણ શું હતું? એક વિગત આપો.

**(1)**

........................................................................................................................................................................................................

(b) જૂની કચરાપેટીઓમાં નખાતા કચરાની લોકો પર શી અસર થતી?

**(1)**

........................................................................................................................................................................................................

(c) ‘સ્માર્ટ’ કચરાપેટીઓ કઈ રીતે ફાયદાકારક છે? એક વિગત આપો.

**(1)**

........................................................................................................................................................................................................

(d) નગરપાલકોએ આધુનિક ટેકનોલોજીનો કઈ રીતે ઉપયોગ કર્યો છે?

**(1)**

........................................................................................................................................................................................................

(e) ભારત સરકાર બાળકોમાં ક્યો ગુણ વિકસાવવા માંગે છે?

**(1)**

........................................................................................................................................................................................................

**(Total for Question 9 = 5 marks)**

**TOTAL FOR SECTION B = 15 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## SECTION C

### Translation

**10** Translate this passage **into English**.

પહેલાં બાળકો પુસ્તકો વધુ વાંચતાં. હવે તેઓ મોટા ભાગે પોતાનો સમય ટીવી જોવામાં અને મોબાઇલ ફોન વાપરવામાં પસાર કરે છે. તેઓ ભૂલી ગયાં છે કે સારાં વાંચનથી આપણાં જ્ઞાનમાં વધારો થાય છે, સારાં કામો કરવાની પ્રેરણા મળે છે અને માર્ગદર્શન પણ મળે છે. આથી જ પુસ્તકોને માનવીનાં સાચાં મિત્રો ગણવામાં આવ્યાં છે.

.......................................................................................................................................................................................................

.......................................................................................................................................................................................................

.......................................................................................................................................................................................................

.......................................................................................................................................................................................................

.......................................................................................................................................................................................................

.......................................................................................................................................................................................................

.......................................................................................................................................................................................................

.......................................................................................................................................................................................................

.......................................................................................................................................................................................................

.......................................................................................................................................................................................................

.......................................................................................................................................................................................................

.......................................................................................................................................................................................................

.......................................................................................................................................................................................................

.......................................................................................................................................................................................................

**(Total for Question 10 = 7 marks)**

**TOTAL FOR SECTION C = 7 MARKS**
**TOTAL FOR PAPER = 50 MARKS**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

BLANK PAGE



P 6 3 8 0 8 A 0 1 9 2 0

**BLANK PAGE**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA